# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી, સી અન્વયે કાઢેલ હુકમ.
ક્રમાંકઃટફક/ડૉ.બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ/વાહન-પ્રતિબંધ/જાહેરનામું/૧૨૦૬/૨૦૨૫

પોલીસ કમિશનરની કચેરી,
સુરત શહેર.
તા.૧૩/૦૪/૨૦૨૫

પોલીસ કમિશનર સુરત શહેર, સુરત.

સુરત શહેર ખાતે આગામી તા.૧૪/૦૪/૨૦૨૫ ના રોજ ડૉ.બાબા સાહેબ આંબેડકર જન્મજયંતીની ઉજવણી કરવામાં આવનાર છે. ડૉ.બાબા સાહેબ આંબેડકર જન્મજયંતી નિમીત્તે સુરત શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી લોકો મોટી સંખ્યામાં રેલી સ્વરૂપે નિકળી માનદરવાજા ખાતે ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા સુધી આવી જાહેરસભામાં ફેરવાશે. હાલ માનદરવાજા રીંગ રોડ પર મેટ્રો ટ્રેનનું કામ ચાલુ હોવાથી ટ્રાફિકનું ભારણ વધારે રહેતુ હોય તેમજ સુરત શહેરની તમામ રેલી માનદરવાજા ખાતે ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા ખાતે પધારનાર હોય જેથી તે વખતે માનદરવાજા સુધી આવતા ભારે વાહનોની અવર-જવર તથા પાર્કીંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં નહીં આવે તો ટ્રાફિકની સમસ્યા ઉભી થાય તેમ છે. જેથી ટ્રાફિક નિયમન જળવાઇ રહે તે સારૂ માનદરવાજા ખાતે આવતા ભારે વાહનોને ડાયવર્ઝન કરવાની જરૂરીયાત જણાતી હોય ફાલસાવાડી રીંગરોડ ઓવરબ્રિજ ચઢતા, તેમજ સરદાર માર્કેટ અવધ ટેક્ષટાઇલ માર્કેટ ઓવરબ્રિજ થઇ ઉધના દરવાજા સુધી, તેમજ મજુરાગેટ ઓવરબ્રિજથી માનદરવાજા રીંગ રોડ થઇ સહારા દરવાજા તેમજ સરદાર માર્કેટ સુધી ભારે વાહનોની અવર-જવર પર તેમજ વાહનો પાર્કીંગ કરવા ઉપર તા.૧૪/૦૪/૨૦૨૫ નાં રોજ સવારે ક.૦૬/૦૦ વાગ્યેથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી પ્રતિબંધ મુકવો જનહિતાર્થે જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું, વાબાંગ જામીર (IPS), I/C પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી સી મુજબ મને મળેલ સત્તાની રૂએ સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના હદ વિસ્તારમાં આવેલ ફાલસાવાડી રીંગરોડ ઓવરબ્રિજ ચડતા, સરદાર માર્કેટ-અવધ ટેક્ષટાઇલ માર્કેટ ઓવરબ્રિજ થઇ ઉધના દરવાજા સુધી, તેમજ મજુરાગેટ ઓવરબ્રિજથી માનદરવાજા રીંગ રોડ થઇ સહારા દરવાજા તેમજ સરદાર માર્કેટ સુધી તા.૧૪/૦૪/૨૦૨૫ નાં રોજ સવારે ક.૦૬/૦૦ વાગ્યે થી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી ભારે વાહનોની અવર-જવર પર તેમજ વાહનો પાર્કીંગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનો હુકમ કરૂ છું.

## :: વૈકલ્પિક રૂટ ::

1) કડોદરા હાઇવે તરફથી આવતા ભારે વાહનો અઠવા, વેસુ, ભટાર જવા માટે કાંગારૂ સર્કલથી ડાબે ટર્ન લઇ મહારાણા પ્રતાપથી ડીંડોલી રેલ્વે ઓવરબ્રિજ થઇ સાંઇ પોઇન્ટથી પાંડેસરા બ્રિજ ઉતરી દક્ષેશ્વર મંદીર તરફ જતા રૂટનો ઉપયોગ કરી શકશે.કડોદરા હાઇવે તરફથી આવતા ભારે વાહનો ઉધના દરવાજા જવા માટે પરવત
2) પાટીયાથી, આઇમાતા સર્કલથી ડાબે ટર્ન લઇ કબુતર સર્કલ થઇ ભાઠેના બ્રિજથી રોકડીયા ચાર રસ્તા તરફ જતા રૂટનો ઉપયોગ કરી શકશે.
3) સીમાડા-સરથાણા જકાતનાકા તરફથી આવતા ભારે વાહનો અઠવાગેટ તરફ જવા માટે રેશ્મા સર્કલ થઇ પરવત પાટીયાથી, આઇમાતા ચોકથી ડાબે ટર્ન લઇ કબુતર સર્કલથી ભાઠેના બ્રિજ થઇ રોકડીયા ચાર રસ્તા તરફ જતા રૂટનો ઉપયોગ કરી શકશે.

4) જુની બોમ્બે માર્કેટ તરફથી આવતા ભારે વાહનો ઉધના દરવાજા તેમજ અઠવાગેટ તરફ જવા માટે ન્યુ બોમ્બે માર્કેટથી ડાબે ટર્ન લઈ સરદાર માર્કેટ થઈ પરવત પાટીયાથી યુ ટર્ન મારી પરત આઇમાતા ચોક થી ડાબે ટર્ન લઈ કબુતર સર્કલથી ભાઠેના બ્રિજ થઈ રોકડીયા ચાર રસ્તા તરફ જતા રૂટનો ઉપયોગ કરી શકશે.

5) ફાલસાવાડી, રેલ્વે સ્ટેશન તેમજ દિલ્લીગેટ તરફથી આવતા ભારે વાહનો ઉધના દરવાજા તેમજ વેસુ તરફ જવા માટે ફાલસાવાડીથી ન્યુ બોમ્બે માર્કેટ તરફ જતો ઓવરબ્રિજ ચડી સરદાર માર્કેટ થઈ પરવત પાટીયાથી યુ ટર્ન મારી આઇમાતા ચોકથી કબુતર સર્કલથી ભાઠેના બ્રિજ થઈ રોકડીયા ચાર રસ્તા તરફ જતા રૂટનો ઉપયોગ કરી શકશે.

6) અઠવાગેટ તરફથી આવતા ભારે વાહનો કડોદરા તેમજ વરાછા જવા માટે મજુરાગેટ ઓવરબ્રિજ નીચે થઈ એલ.બી.ટર્નીગ થઈ કેનાલ રોડથી પરવત પાટીયા તરફ જતા રૂટનો ઉપયોગ કરી શકશે.

7) સચીન તરફથી આવતા ભારે વાહનો પરવત પાટીયા જવા માટે રોકડીયા ચાર રસ્તાથી જમણે ટર્ન લઈ ભાઠેના બ્રિજનો ઉપયોગ કરી શકશે તેમજ અઠવાગેટ તરફ જવા માટે રોકડીયા ચાર રસ્તાથી ડાબે ટર્ન લઈ સોસ્યો સર્કલ થઈ મજુરાગેટ તરફના રૂટનો ઉપયોગ કરી શકશે.

## :: અપવાદ ::

ઉપરોક્ત તારીખ અને સમય દરમ્યાન ફરજ પરનાં પોલીસ વિભાગના વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર બ્રિગેડના વાહનોને અવર-જવર કરવા માટે પ્રતિબંધનો બાધ લાગશે નહી.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામુ તા.૧૪/૦૪/૨૦૨૫ ના રોજ સવારે ક.૦૬/૦૦ વાગ્યે થી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે .

આજ રોજ તા.૧૩/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી-સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર સુરત શહેર, સુરત.

(વાબાંગ જામીર)
I/C પોલીસ કમિશનર,
સુરત શહેર.

**પ્રતિ,**

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)
(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)